# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્ઝ વચ્ચે નવી દિલ્હીમાં દ્વિપક્ષિય વાતચીત.
2. પ્રધાનમંત્રી આજે ગુજરાતનાં અમદાવાદમાં યોજાનારી પ્રથમ વિશ્વ યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપને વર્ચ્યુઅલી સંબોધશે.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું ભારત અને લાઓસ વચ્ચે પારંપરિક ગાઢ સંબંધ.
4. બિહારના મુઝફ્ફરપુરમાં એક ખાનગી હોસ્પિટલમાં આગ લાગવાથી ચાર લોકોના મોત.
5. શ્રીલંકાની એક અદાલતે ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ગોટાબાયા રાજપક્ષે અને બે ભૂતપૂર્વ સૈન્ય ગુપ્તચર અધિકારીઓના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ લાદ્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM - VENEZUELA PREZ TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ  ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે વાતચીત કરી રહ્યા છે. આ ચર્ચામાં ભારત-વેનેઝુએલા સંબંધોના સંપૂર્ણ સ્પેક્ટ્રમનો સમાવેશ થશે અને ઉર્જા સુરક્ષા, વેપાર અને રોકાણ, ફાર્માસ્યુટિકલ્સ, આરોગ્ય સંભાળ, પરિવહન અને નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રોમાં વધુ સહયોગ સાધવા ચર્ચા થશે. શ્રીમતી રોડ્રિગ્ઝ ગઈકાલે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની સાથે વિદેશ, અર્થતંત્ર અને નાણાં, વિજ્ઞાન અને ટેકનોલોજી અને પરિવહન મંત્રીઓનું પ્રતિનિધિમંડળ પણ છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે,વેનેઝુએલાનું પ્રતિનિધિમંડળ ભારતની ટેકનોલોજીકલ અને ઔદ્યોગિક ક્ષમતાઓમાં સમજ મેળવવા અને સહયોગ માટેની તકો શોધવા માટે ઊર્જા, ફાર્માસ્યુટિકલ્સ અને ઓટો ક્ષેત્રો સાથે જોડાયેલા અનેક સ્થળોની મુલાકાત લેશે. ભારત ઉર્જા અને રોકાણના ક્ષેત્રોમાં વેનેઝુએલાના મહત્વપૂર્ણ ભાગીદાર રહ્યા છે. ભારતીય જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ ઉર્જા ક્ષેત્રમાં વેનેઝુએલામાં નોંધપાત્ર રોકાણ કર્યું છે અને તેઓ તેમની હાજરીને વધુ વધારવા માટે તકો શોધવા આતુર છે. આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની અને વિવિધ ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે જોડાણને ગાઢ બનાવવાની અપેક્ષા છે

# JAISHANKAR - PREZ VENEZUELA

વિદેશ મંત્રી એસ જયશંકરે આજે સવારે નવી દિલ્હીમાં વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે કહ્યું કે, ભારત અને વેનેઝુએલા વચ્ચે દિર્ઘકાલીન સંબંધો રહ્યા છે જે ભવિષ્યમાં પણ યથાવત રહેશે. વિદેશ મંત્રીએ આશા વ્યક્ત કરી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેની તેમની મુલાકાત બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવશે.

# PM - GUJARAT AND DAMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાત અને કેન્દ્રી શાસિત પ્રદેશ દમણની મુલાકાત લેશે. તેઓ સુરતમાં રોડ, પાવર અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં 18 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી સુરતમાં 200 પથારીવાળી ESIC હોસ્પિટલનું પણ લોકાર્પણ કરશે, પ્રધાનમંત્રી દહેજ પેટ્રોલિયમ ખાતે આધુનિક વીજ વિતરણ અપગ્રેડ, અદ્યતન ગંદા પાણીના નિકાલ અને સારવાર માળખા સહિત ગુજરાત સરકારની અનેક મહત્વપૂર્ણ પરિયોજનાઓનું પણ ઉદ્ઘાટન કરશે.

સાંજે, પ્રધાનમંત્રી મોદી દમણ પહોંચશે અને લગભગ બે હજાર 970 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટ્સ આરોગ્યસંભાળ, નાગરિક ઉડ્ડયન, પર્યટન, માળખાગત સુવિધા, કનેક્ટિવિટી અને જાહેર કલ્યાણ સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લે છે. પ્રધાનમંત્રી લગભગ એક હજાર 340 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે, જેમાં NAMO એરપોર્ટ અને NAMO હોસ્પિટલનું નવું ટર્મિનલ બિલ્ડિંગનો સમાવેશ થાય છે. નવું એરપોર્ટ ટર્મિનલ પ્રાદેશિક હવાઈ જોડાણમાં નોંધપાત્ર વધારો કરશે અને પ્રદેશમાં આર્થિક વિકાસને સરળ બનાવશે.

# FUR. REV. PM - YOGASANA

ગુજરાતના અમદાવાદમાં આજથી પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપનો આરંભ થઈ રહ્યો છે. પાંચ દિવસીય આ કાર્યક્રમમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જાપાન, નેધરલેન્ડ્સ, ઓમાન, મોરેશિયસ, યુગાન્ડા, ઝામ્બિયા, શ્રીલંકા, નેપાળ અને કેન્યા સહિત વિવિધ દેશોના રમતવીરો ભાગ લેશે. સાંભળીએ એક અહેવાલ

## (VOICE CAST: APARNA KHUNT)

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે લગભગ છ વાગીને 40 મિનિટે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાશે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ વિશ્વભરમાં ઝડપથી લોકપ્રિયતા મેળવી રહ્યો છે. આ સ્પર્ધાએ વિશ્વભરના યોગ ઉત્સાહીઓને એકસાથે લાવ્યા છે. તેમણે આ કાર્યક્રમને યોગની વૈશ્વિક રમતના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યો અને આયોજકો અને સહભાગીઓને અભિનંદન આપ્યા.

# PREZ-LAO - PDR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે ભારત અને લાઓસ વચ્ચે ગાઢ સભ્યતા સંબંધો છે અને આ બૌદ્ધ ધર્મ અને રામાયણના સહિયારા વારસામાં પ્રતિબિંબિત થાય છે. તેમણે કહ્યું કે આ વર્ષે બંને દેશો રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 70મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે.

ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં લાઓસના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી થોંગસાવન ફોમવિહાનેનું સ્વાગત કરતાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ઓક્ટોબર 2024માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની લાઓસની મુલાકાત દરમિયાન ઘણા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેણે બંને દેશો વચ્ચે સહયોગને નવી ગતિ આપી હતી. રાષ્ટ્રપતિએ નોંધ્યું કે ભારત અને લાઓસ વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધ્યો છે, પરંતુ વેપાર અને રોકાણમાં વધુ વૃદ્ધિ માટે નોંધપાત્ર અવકાશ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MAHAYUTI-MLC

મહારાષ્ટ્રમાં, ભાજપ, શિવસેના અને એનસીપીના મહાયુતિ ગઠબંધને 18 મી જૂને યોજાનાર રાજ્ય વિધાન પરિષદની ચૂંટણી માટે 17 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે ગઈકાલે મુંબઈમાં એક સંયુક્ત પત્રકાર પરિષદમાં નામોની જાહેરાત કરી હતી. શ્રી ચવ્હાણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને એનસીપી નેતા સુનેત્રા પવાર વચ્ચેના પરામર્શ બાદ બેઠક વહેંચણીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. શ્રી ચવ્હાણ, એનસીપી પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે અને શિવસેના નેતા રાહુલ શેવાળેએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગઠબંધન ઉમેદવારો ચૂંટણી જીતશે.

# ED MAYMNAR

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ, ગુરુવારે મિઝોરમ-મ્યાનમાર સરહદ પર મ્યાનમારથી સૂકા સોપારીની દાણચોરીમાં સંડોવાયેલા એક સંગઠિત નેટવર્ક પર મોટી કાર્યવાહી શરૂ કરી. ઇડી એ, મિઝોરમના સરહદી શહેર ચમ્ફાઇમાં નવ સ્થળોએ દરોડા પાડ્યા. આ દરોડા દાણચોરી નેટવર્કના મુખ્ય સ્થાનિક સહયોગીઓના રહેઠાણો અને વ્યવસાયિક સંસ્થાઓ પર હતા.

ઇડીને તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ તિયાઉ નદી દ્વારા મ્યાનમારથી ભારતમાં ગેરકાયદેસર સોપારીનો મોટો જથ્થો લાવ્યા હતા. ત્યારબાદ તેને સ્થાનિક વેરહાઉસમાં સંગ્રહિત કરવામાં આવ્યો હતો અને નકલી ઈ-વે બિલ અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને બજારમાં વેચવામાં આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તે સ્થાનિક રીતે ખરીદેલ કાયદેસરનો માલ છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, આ ગેરકાયદેસર વેપારથી સેંકડો કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું થયું હતું, અને તેને વિવિધ માધ્યમો દ્વારા છુપાવવા અને કાયદેસર બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

# BIHAR – FIRE

બિહારના મુઝફ્ફરપુરમાં એક ખાનગી હોસ્પિટલમાં આગ લાગવાથી ત્રણ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. આ ઘટના ગઈકાલે રાત્રે બ્રહ્મપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. ઘણા દર્દીઓની હાલત ગંભીર છે. તેમને સારવાર માટે અન્ય હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. આ ઘટનાની વધુ તપાસ ચાલી રહી છે.

# SRILANKA – FIRE

શ્રીલંકાના કોલંબો નજીક હોરાનામાં એક વૃદ્ધાશ્રમમાં લાગેલી આગમાં અગિયાર લોકોના મોત ,જ્યારે ત્રણ લોકો હજુ પણ ગુમ છે. ઘટનામાં ઘાયલ થયેલા સાત લોકોની હોરાના જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આગ લાગી ત્યારે વૃદ્ધાશ્રમમાં 72 લોકો હતા. પોલીસ, અગ્નિશામકો, કટોકટી પ્રતિભાવ કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને 44 લોકોને સુરક્ષિત રીતે બચાવ્યા હતા. આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

# SRILANKA PREZ-TRAVEL BANNED

શ્રીલંકાની એક અદાલતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે અને બે ભૂતપૂર્વ લશ્કરી ગુપ્તચર અધિકારીઓના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂક્યો છે. કોલંબો ફોર્ટ મેજિસ્ટ્રેટ દ્વારા ગઈકાલે 2019ના ઇસ્ટર સન્ડે હુમલા સંબંધિત કેસની સુનાવણી દરમિયાન આ આદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રતિબંધ ભૂતપૂર્વ લશ્કરી ગુપ્તચર ડિરેક્ટર મેજર જનરલ ચુલા કોડિતુવાક્કુ અને ભૂતપૂર્વ રાષ્ટ્રીય ગુપ્તચર બ્યુરોના વડા મેજર જનરલ રુવાન કુલાતુંગા પર લાગુ પડે છે. રાજ્ય ગુપ્તચર સેવાના ભૂતપૂર્વ ડિરેક્ટર નિવૃત્ત મેજર જનરલ સુરેશ સલેનું પણ શંકાસ્પદ તરીકે નામ આપવામાં આવ્યું છે.

ઈસ્ટર સન્ડે હુમલામાં 21 એપ્રિલ, 2019ના રોજ શ્રીલંકામાં ચર્ચ અને લક્ઝરી હોટલોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલામાં ઘણા વિદેશી નાગરિકો સહિત 260 થી વધુ લોકો માર્યા ગયા હતા.

# US TRUMP

અમેરિકી કોંગ્રેસના નીચલા ગૃહ 'પ્રતિનિધિ સભા' (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ) એ, બુધવારે 215-208 મતોથી એક પ્રસ્તાવ પસાર કરીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ઈરાન સાથે યુદ્ધ કરવાના અધિકારો પર રોક લગાવી દીધી. મહત્વપૂર્ણ બાબત એ છે કે, ડેમોક્રેટ્સના આ પ્રસ્તાવને ચાર રિપબ્લિકન, ઓહાયોના પ્રતિનિધિ વોરેન ડેવિડસન, પેન્સિલવેનિયાના બ્રાયન ફિટ્ઝપેટ્રિક, મિશિગનના ટોમ બેરેટ અને કેન્ટુકીના થોમસ મેસીએ સમર્થન આપ્યું.

મીડિયા અહેવાલ અનુસાર, આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પને ઈરાન કે તેની સેના કે સરકારના કોઈપણ ભાગ વિરુદ્ધ શત્રુતાપૂર્ણ કાર્યવાહીમાં અમેરિકી સશસ્ત્ર દળોનો ઉપયોગ ત્યાં સુધી બંધ કરી દેવો જોઈએ, જ્યાં સુધી યુદ્ધની ઘોષણા કે બળ પ્રયોગનો અધિકાર આપતો કાયદો પસાર ન થાય. પ્રતિનિધિ સભામાંથી પસાર થયેલો આ પ્રસ્તાવ હવે સેનેટમાં જશે. સેનેટ ભલે તેનું સમર્થન કરી દે, પરંતુ એક સમવર્તી પ્રસ્તાવમાં કાયદા જેટલું વજન હોતું નથી અને તેને રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવતો નથી, ન તો તેના પર રાષ્ટ્રપતિના વીટોનો અધિકાર લાગુ પડે છે.